**સુવિચાર : માણસને સંગાથ જોઇએ...પછી ભલેને એ સંગાથ એક સળગતી મીણબત્તીનો હોય - ઝેન કથન**

આપણું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૩૦) અંક નં. ૩૦ | ૧૦ એપ્રિલ, ૨૦૧૫, શુક્રવાર ; ચૈત્ર વદ - ૬ | પાનાં - ૮ કિંમત રૂ. ૧.૮૦



**સત્યમ કેસમાં રામાલિંગા રાજુ, અન્ય ૯ને ૭ વર્ષની જેલની સજા**

Page-6

# શહેરમાં ગરમીના બીજા તબક્કાનો આરંભ

## શહેરનું મહત્તમ તાપમાન ૪૦ ડિગ્રી પર પહોંચ્યું : બપોરે સુમસામ બનતું નગર

ગાંધીનગર, તા.૯

ગાંધીનગરમાં ઉનાળાના બીજા તબક્કનો આક્રમક પ્રારંભ થયો છે. મહત્તમ આજે બે ડિગ્રી જેટલું વધીને ૪૦ ડિગ્રી સુધી પહોંચતા વસાહતીઓએ ભારે ગરમીનો સામનો કર્યો હતો. આકરા તડકાના કારણે વસાહતીઓ હેરાન પરેશાન થઈ ગયા હતા.

ઉનાળાના પ્રારંભે જ કાળઝાળ ગરમી પડવાની શરૂ થતાં રાજમાર્ગો બપોરના સમયે સૂમસામ ભાસવા લાગ્યા છે અને માર્ગો પરથી ઉની વરાળો નીકળતી જોવા મળી રહી છે.

રાજયમાં ગત સપ્તાહે વાતાવરણમાં પલ્ટો આવ્યો હતો અને કેટલાક વિસ્તારોમાં માવઠું થયા બાદ ફરી હવામાન પલટાયું છે અને ઉનાળાનો પ્રારંભ થવા પામ્યો છે. છેલ્લા બે દિવસથી પાટનગરમાં કાળઝાળ ગરમી પડી રહી છે. દિવસ દરમિયાન પડી રહેલી કાળઝાળ ગરમીથી બચવા લોકો ઘરમાં અને ઓફીસોમાં પંખા અને એસી ચાલુ કરીને ગરમીથી બચી રહ્યા છે અને ઠંડક મેળવી રહ્યા છે.

કાળઝાળ ગરમીના કારણે લોકો બપોરના સમયે ઘરની બહાર ન નીકળતા રાજમાર્ગો સાવ સૂમસામ બની જવા પામ્યા છે. અબોલ પશુઓ પણ ગરમીથી બચવા વૃક્ષો નીચે આશરો લઈ રહેલા નજરે પડી રહ્યા હતાં.

કાળઝાળ ગરમી શરૂ થતાં માર્ગો પરથી નીકળતા લોકોને પાણીની તરસ છીપાવી શકે તે માટે કેટલીક સેવાભાવી સંસ્થાઓ દ્વારા રાજમાર્ગો પર પરબો શરુ કરી છે અને ઠંડા મીનરલ પાણીના જગો મુકીને સેવાઓ આપી રહ્યા છે. ઉનાળા પ્રારંભે જ શરૂ થયેલી કાળઝાળ ગરમીથી નગરજનો ત્રાહીમામ પોકારી ગયા છે.



કલાત્મક માટલા - બદલાતા સમય સાથે પરંપરાઓ પણ બદલાય છે... પાણીયારે મુકાતા માટલા હવે રંગબેરંગી બનતા જાય છે... કલાત્મક ચિત્રો દ્વારા માટલાને એક નવો જ લુક અપાય છે... ગરમીના દિવસોમાં ઠંડા પાણી માટે ઘરે-ઘરે નવા માટલા ખરીદવાની મોસમ ખીલી છે... સમય સ્પર્ધાત્મક છે... એટલે માટલાના વેચાણ માટે પણ અવનવી તરકિબો અજમાવાય છે... નળવાળા માટલા, ચિત્રોવાળા માટલા, ઉભા માટલા, બેઠાઘાટના માટલા... વિકલ્પો વધતા જાય છે... આકર્ષણ વધારવા સ્પર્ધાનું તત્વ વધતું જાય છે... પરંતુ માટલું એ માટલું જ છે... માટલાના ઠંડા પાણીની મજા અનોખી હોય છે... મધ્યમ વર્ગીય સમાજ માટે માટલા ઉપકારક છે... એટલું જ નહિ પણ આરોગ્યપ્રદ પણ છે... (તસવીર : કશ્યપ નિમાવત)

# મનપા સગર્ભા મહીલાઓને કઠોળ આપશે : ૩૫ લાખ ખર્ચશે

## માતા-બાળ મૃત્યુ દર ઘટાડવા તેમજ સગર્ભાને પોષણ પુરૂ પાડવા નવતર યોજનાનો અમલ : ૧ હજાર બાળકે ૪૭ પ્રથમ વર્ષગાંઠ ઉજવી શકતા નથી

ગાંધીનગર, તા. ૯

સગર્ભા મહીલાઓના કીસ્સામાં માતા અને બાળ મરણનું પ્રમાણ ઘટે તેમજ હિમોગ્લોબીનની માત્રા જળવાઈ રહે તે માટે કોર્પોરેશન દ્વારા તા. ૧ એપ્રિલથી કઠોળ યોજના શરૂ કરવામાં આવી છે. સગર્ભા મહીલાઓને કઠોળ આપવાની યોજના અન્વયે રૂ. ૩૫ લાખનો ખર્ચ કરવામાં આવશે. પોષણના અભાવે દર ૧ હજાર બાળકોમાંથી ૪૭ પ્રથમ વર્ષગાંઠ ઉજવી શકતા નથી.

ગાંધીનગર મહાનગરપાલિકાના મેયર મહેન્દ્રસિંહ રાણા, મ્યુનિસિપલ કમિશનર જી.આર. ચૌધરી તથા સ્ટેન્ડિંગ કમિટીના ચેરમેન આશિષ દવેના માર્ગદર્શન અને નેતૃત્વમાં એક નવતર પહેલ રૂપે આ યોજના શરૂ કરવામાં આવી છે. આ યોજનાથી મહાનગરપાલિકા વિસ્તારમાં પ્રસુતિ દરમ્યાન માતા અને બાળ મરણનું પ્રમાણ ઘટશે, મહાનગરપાલિકા દ્વારા શરૂ કરવામાં આવેલ આ યોજના પાછળ અંદાજે રૂપિયા ૩૫ લાખનો ખર્ચ કરવામાં આવનાર છે. તેમ મહાનગરપાલિકાના મેડીકલ ઓફિસર દિનેશભાઈ બારોટે જણાવ્યું હતું.

ગાંધીનગર મહાનગરપાલિકા દ્વારા અમલી બનાવવામાં આવેલ કઠોળ યોજનાની વિસ્તૃત માહિતી આપતાં મેડિકલ ઓફિસર દિનેશભાઈ બારોટે જણાવ્યું હતું કે, મહાનગરપાલિકાની સ્ટેન્ડીંગ કમિટીની બેઠકમાં સગર્ભા બહેનોને કઠોળ આપવા માટે બજેટમાં ખાસ જોગવાઈ કરીને રચનાત્મક પગલું ભરવામાં આવ્યું છે. આ યોજના અંતર્ગત પ્રથમ ત્રણ માસ દરમ્યાન સગર્ભા માતાઓની વહેલી નોંધણીથી લઈ તેમના બાળકોના સંપૂર્ણ રસીકરણ સમય દરમ્યાન તેમના પોષણ માટે પૌષણક્ષમ પ્રોત્સાહન માટે ૬ કિલો કઠોળ આપવામાં આવશે. જેનાથી માતા અને બાળકની તંદુરસ્તી જળવાઈ રહેશે. તેમણે વધુમાં જણાવ્યું હતું કે પોષણના અભાવથી ૧ હજાર બાળકોમાંથી ૪૭ બાળકો જે પ્રથમ વર્ષગાંઠ ઉજવી શકતા ન હતા. પરંતુ છેલ્લા થોડાક વર્ષમાં આ

● અનુસંધાન પાન-૭ પર

# પ્રાથમિક શાળાઓ પર ડોક્યુમેન્ટરી તૈયાર થશે

## દરેક જિલ્લામાંથી બે સરકારી પ્રાથમિક શાળાની પસંદગી : ટૂંક સમયમાં જ ફિલ્મ તૈયાર કાશે

અમદાવાદ, તા.૯

રાજય સરકાર દ્વારા સર્વ શિક્ષા અભિયાન અંતર્ગત એક વર્ષ પહેલા ગ્રીન સ્કુલ પ્રોજેક્ટ શરૂ કરવામાં આવ્યો હતો. જેમાંથી દરેક જિલ્લામાંથી બે સરકારી પ્રાથમીક શાળાઓની પસંદગી કરવામાં આવી હતી. ત્યારે આ પ્રોજેકટછી આકર્ષાઈને વિશ્વબેંક દ્વારા આ પ્રોજેક્ટ ઉપર ડોક્યુમેન્ટરી ફિલ્મ તૈયાર કરવામાં આવી રહી છે જેનું શુટિંગ રાજયની સરકારી પ્રાથમીક શાળાઓમાં કરવામાં આવ્યું હતું. પ્રાપ્ત થતી માહીતી મુજબ રાજયમાં કુદરતી ઉર્જાને પ્રાધ્યાન્ય આપવાના ઉદ્દેશ્ય સાથે રાજય સરકાર સર્વ શિક્ષણ અભિયાન અંતર્ગત એક વર્ષ પહેલા ગ્રીન સ્કુલ પ્રોજેક્ટ શરૂ કરવામાં આવ્યો હતો. જેમાં પ્રાયોગીક

● અનુસંધાન પાન-૭ પર

## લક્ષ્ય

**MISSION PAY BACK TO THE SOCIETY**

**ગાંધીનગરમાં અનુસૂચિત જાતિના ઉમેદવારો માટે નાયબ મામલતદાર તથા નાયબ સેક્શન અધિકારીના તાલીમ વર્ગો**

લક્ષ્યના ઉપક્રમે નાયબ મામલતદાર તથા નાયબ સેક્શન અદિકારીની આગામી પરીક્ષામાં બેસનાર અનુસૂચિત જાતિના ઉમેદવારો માટેના પરીક્ષાના તાલીમ વર્ગો ATRIA-3, બીજે માળ, સરગાસણ ચોકડી, ગાંધીનગર ખાતે, ૯ એપ્રીલથી શરૂ થઈ ચૂક્યા છે. નિષ્ણાંત ફેકલ્ટી અને ફીના ન્યુનત્તમ ધોરણો સાથે વાતાનુકુલિત વર્ગખંડમાં આ તાલીમવર્ગો ચાલી રહ્યા છે. આથી આ પરીક્ષામાં બેસનારા અનુસૂચિત જાતિના (તથા જૂજ સંખ્યામાં અન્ય જાતિના) ઈચ્છુક યુવક-યુવતીઓ તાલીમ વર્ગ વ્યવસ્થાપક શ્રી આર. એમ. ચાવડા (મો. ૯૯૯૮૯૪૮૦૯૩)નો અને 'લક્ષ્ય'ના અધ્યક્ષ શ્રી એમ. બી. પરમાર (ISA) (મો. ૯૮૨૫૦ ૩૧૩૮૩)નો પણ સંપર્ક કરી શકે છે.

## હાર્દિક અભિનંદન




અરવલ્લી જીલ્લા જયપુરી લુહાર જમાત - મોડાસાના પ્રમુખ તરીકે હાજી હાફીઝખાન લતીફખાન લુહાર (પઠાણ સાહેબ- બેંક ઓફ બરોડા, મોડાસા) આપની વરણી થતાં અમો સહુ મિત્રો આપને હૃદયપૂર્વકના અભિનંદન પાઠવીએ છીએ અને આપ ઉત્તરોત્તર પ્રગતિ કરો એવી શુભેચ્છા

શુભેચ્છક

શ્રી નિલેષભાઈ જોષી (પ્રમુખ, સરસ્વતી બાલ મંદિર, મોડાસા)
શ્રી રાકેશભાઈ પટેલ (પ્રમુખ, જાયન્ટસ ગૃપ ઓફ મોડાસા)
શ્રી મેહુલભાઈ જોષી (મારૂતિ ફર્ટીલાઈઝર, મોડાસા)
શ્રી ઉસ્માનગનીભાઈ બાયડીયા (મોડાસા)
શ્રી રમેશભાઈ બારોટ (ચેરમેન, ઈટાડી સે.સહ. મંડળી)
શ્રી હિતેન્દ્રભાઈ ડી. જોષી (હની એજન્સી, મોડાસા)
શ્રી મણીલાલ પ્રેમજીભાઈ પટેલ (સાયરા)
શ્રી પ્રવિણસિંહ (પિન્ટુ) (શીકા)

PDPU
www.sls.pdpu.ac.in
OUR STUDENTS ARE GOING PLACES
At DREXEL, COLUMBIA, BABSON, BIRMINGHAM and many more...
ONE DAY YOU TOO CAN FOLLOW
SLS SCHOOL OF LIBERAL STUDIES
Beyond Education, Handholding You through an Unforgettable Learning Journey
BBA | BA | B.COM (HONS.)
COUNSELLING SESSION IN GANDHINAGAR
Saturday, 11th April, 2015
at Pandit Deendayal Petroleum University, B- Block, Raisan, Gandhinagar 382 007.
Time: 10:30 am to 1:30 pm
Call: 079-23275231
ADMISSIONS OPEN for BBA | BA | B.Com (Hons.) | MA | Ph.D

ગાંધીનગરમાં સૌથી વિશાળ પાર્ટી પ્લોટ



શિવાલય ફાર્મ & પાર્ટી પ્લોટ
● ૧,૨૫૦૦૦ સ્કે. ફૂટ લોન એરીયા
● અદ્યતન કીચન તથા વોશ એરીયા
● બાળકો માટે પ્લે એરીયા
● વિશાળ પાર્કીંગની સુવિધા, આકર્ષક એન્ટ્રી ગેટ
● ૧૦,૦૦૦ માણસની કેપેસીટી
● અલગ Groom અને Bridle રૂમ
મેરેજ, રીસેપ્શન, રીંગ સેરેમની, બર્થ-ડે પાર્ટી, ગેટ-ટુ-ગેધર તથા શુભ પ્રસંગ માટે
બુકીંગ ચાલુ છે - ૧૧/૫/૨૦૧૫થી...
વાઘેલા ઘનશ્યામસિંહ એમ.- ૯૮૨૫૦ ૨૨૧૭૩
વાઘેલા જીતેન્દ્રસિંહ એમ. - ૯૮૨૫૬ ૦૪૫૭૫
ક-૭ ચોકડી, વસંત વગડોની સામે, ગાંધીનગર-માણસા હાઈવે, ગાંધીનગર

આજથી શુભારંભ
શુક્ર, શનિ, રવિ
તા. ૧૦, ૧૧, ૧૨ એપ્રીલ ૨૦૧૫
મેગા સેલ
40% Discount OR Buy 2 GET 1 Free



Pick Your Fashion Style @ screation.in
DESIGNER COLLECTION
ONLINE STORE CUM BOUTIQUE
| Woman Clothing
| Ethnic Wear
| Bridal Collection
| Party Wear
| Replica | Saree
| Chaniya Choli
| Lehenga-Choli
| Anarkali
| Chudidar
| Patiyala
S Creation
Call & 9033021196
Email : info@screation. in
Web Shop : http://screation.in/
http://www.facebook.com/SCreationOfficial
Address : 355-B/2, Sector-7/A, Gandhinagar